# ભૂમિકા

છેલ્લાં ચાલીસેક વર્ષથી ગુજરાતી સંતવાણીને કેન્દ્રમાં રાખીને વિભિન્ન ભારતીય ભાષાઓમાં રચાયેલા સંતસાહિત્ય, લોકસાહિત્ય, ચારણી-બારોટી સાહિત્ય અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશે ક્ષેત્રકાર્ય, ધ્વનિમુદ્રણ, સંશોધન, અધ્યયન, અર્થઘટન, પ્રકાશન અને સંગૃહિત સામગ્રીને ડિજિટલાઇઝ કરીને સર્વ જનહિતાય વિનામૂલ્યે વેબસાઇટ પર મૂકવાની કામગીરી કરી રહ્યો છું ત્યારે અવારનવાર મારાં લખાણોમાં એ બળાપો કાઢતો રહ્યો છું કે ભારતના અન્ય પ્રાંતોમાં થયું છે તેવું અને તેટલું આપણે ત્યાં ગુજરાતી ભાષામાં સંતસાહિત્ય/ સંતવાણી વિશે સંશોધન-સંપાદનનું કાર્ય થયું નથી.

આ ક્ષેત્રમાં શાંતિનિકેતનના આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન, રાષ્ટ્રીય કવિશ્રી ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર અને મરમી કવિશ્રી મકરન્દ દવેએ કંડારેલી કેડી પર એ પછીની પેઢીના જયંતીલાલ આચાર્ય, મોહનપુરી ગોસ્વામી, રાજેન્દ્રસિંહ રાયજાદા, નરોત્તમ પલાણ, હસુભાઈ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, લાભશંકર પુરોહિત, દલપત પઢિયાર, બળવંત જાની, નાથાલાલ ગોહેલ, મનોજ રાવલ, રાજુલ દવે, હસમુખ વ્યાસ, હિમાંશુ ભટ્ટ, મનસુખ સાવલિયા, રમણિકલાલ મારુ, મુ. ભાણદેવજી, મુ. પુંજાલાલ બડવા, રવજી રોકડ, રમેશ મહેતા, ફારક શાહ, દલપત ચાવડા, ભાવેશ જેતપરિયા, કવિ સંજુ વાળા જેવા મુરબ્બીઓ-મિત્રો-સ્નેહીજનો તથા અનુગામીઓ સાથે કેટલાયે નવોદિત સંશોધકો પણ સંતવાણી-ભજનના ક્ષેત્રમાં પોતપોતાની નિજી સમજણથી કામ કરી રહ્યા છે, કેટલાયે પીએચ.ડી. પદવીઅર્થે સંશોધન કર્યું છે તો કેટલાક હાલ કરી રહ્યા છે છતાં ગુજરાતી સંતસાહિત્ય-સંતવાણી અને લોકસાહિત્ય-લોકવાણી-લોકવાઙ્મય સંપૂર્ણ પ્રમાણભૂત ઇતિહાસ તથા ગુજરાતી કંઠસ્થ પરંપરાના-લોકવિદ્યાના સંશોધન-સંપાદનના ઇતિહાસનું આલેખન આજ સુધી નથી થઈ શક્યું.

ગુજરાતના લોકભજનિકોના કંઠે હજારોની સંખ્યામાં ગવાતી તથા આજ સુધીમાં પ્રકાશિત થયેલા સેંકડો પદ/ભજન સંગ્રહોમાં સચવાયેલી તમામ પદ-ભજન રચનાઓનો બૃહદ્ સંચય થાય એવું સ્વપ્ન પણ વર્ષોથી સેવતો આવ્યો છું. આ કામ નાનુસૂનું હરગિજ નથી, જુદા જુદા સમયે વિભિન્ન રુચિ ધરાવનારા સંગ્રહકર્તાઓ–સંપાદકો–ભજનિકો દ્વારા સંકલિત થયેલી અનેક હસ્તપ્રતો અને

પ્રકાશિત ભજન સંગ્રહોમાં સચવાયેલી સામગ્રી મેળવવી, તેની નકલ કરવી, વર્ણાનુક્રમે ગોઠવવી, અનેક વાર એમાં સુધારા-વધારા-ઉમેરણો થતાં રહે, એકનું એક ભજન જુદા જુદા સંગ્રહોમાં વિવિધ પાઠાંતરો સાથે કે વિભિન્ન નામાચરણો સાથે પ્રકાશિત થતું રહ્યું હોય એમાંથી સૌથી શ્રદ્ધેય પાઠ સ્વીકારવો આ બધું કાર્ય અતિશય ધીરજ, સમજણ, મહેનત અને સંપત્તિ અને અણથક પરિશ્રમ માંગી લેનારું હોય છે ત્યારે મધ્યકાલીન ગુજરાતી ભાષા, વિવિધ બોલીઓ, સાહિત્ય, શિક્ષણ, સંસ્કાર, ઇતિહાસ, સંસ્કૃતિ, વિવિધ કલાઓ, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય, લોકસંગીત, ભક્તિસંગીત, લોકગીતો, દુહા, લગ્નગીતો, જૈન-જૈનેતર પ્રશિષ્ટ સાહિત્ય, ચારણી-બારોટી-ડિંગળીસાહિત્ય, હસ્તપ્રતોમાં દટાયેલી સામગ્રી, લોકકંઠે સચવાયેલી લોકવિદ્યાના અંશો, સતી, શૂરા, સંતોનાં ચરિત્રો, ઐતિહાસિક તથ્યો, સમકાલીન-સાંસ્કૃતિક જીવનપ્રવાહો, એમ લોકસંસ્કૃતિ, લોકજીવન, લોકસાહિત્યના અનેકવિધ પાસાંઓ ઉપર અગણિત અભ્યાસપૂર્ણ લેખો અને પચાસ જેટલાં પુસ્તકો પણ આ લખનાર દ્વારા પ્રકાશિત થયાં છે. એમાંના બહુધા ગ્રંથો આજે અપ્રાપ્ય છે. ખરેખર તો આ આપણી ગુજરાતી ભાષાનો વિસરાતો જતો ભવ્ય અને અમૂલ્ય વારસો છે.

હમણાં જ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અક્કલદાસથી શરૂ કરીને હોથી સુધીના ૨૦૫ સર્જકોની કુલ ૭૧૬ રચનાઓ ‘ગુજરાતી સંતસાહિત્ય (વિસરાઈ રહેલો સાંસ્કૃતિક, સાધનાત્મક અને ઐતિહાસિક વારસો ખંડ ૧, ૨)ના નામે કુલ ૭૦૩ પૃષ્ઠોમાં પ્રકાશિત થયેલો છે. જેને ઈ.સ. ૨૦૨૩ના વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું પ્રથમ પારિતોષિક પણ પ્રાપ્ત થયેલું છે.

ભજનોના સંપાદનક્ષેત્રે વ્યાપી રહેલી અરાજકતા વિશે શ્રી મકરન્દભાઈએ પોતાની દેવના ઠાલવતાં લખ્યું છે. ‘કોઈ ભગ્ન ને અપૂજ દેવાલયની જેમ ઘણાંય ભજનો જિર્ણોદ્ધારની રાહ જોતાં પડ્યાં છે. પાઠભેદ ખૂટતી કડીઓ, મેળવિનાની દુર્બોધ પંક્તિઓ અને અશુદ્ધ શબ્દપ્રયોગોથી બહુ ઓછાં ભજનો બચી શક્યાં છે, છેવટે નામાચરણમાં તો ગોટાળાનો પાર નથી. એકનું ભજન બીજાને નામે ચડી ગયું હોય એવા દાખલા શોધવા ન પડે... કમ સે કમ કવિતાનાં ઊંચાં શિખરો સર કરતાં ભજનોને તો અભ્યાસીઓએ જામેલી ધૂળ ખંખેરી, ખૂટતાં ચોસલાં ગોતી-ગોઠવી અસલ સ્વરૂપે બતાવી જોઈએ.’ મકરન્દભાઈની આ વેદનાનો ઉકેલ હાથવેંતમાં નથી, કારણ કે ભજન સાહિત્યનું સંશોધન સંમાર્જન અધ્યયન સંપાદન કરનારા અભ્યાસીઓ આપણે ત્યાં ઓછા છે, વળી હજારોની સંખ્યામાં

રચાયેલાં આ ભજનો જેની હસ્તપ્રતો પ્રકાશિત નથી થઈ. કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સંતવાણીની વાત તો આઘી રહી માત્ર પ્રકાશિત ભજનોના પાઠાંતરો નોંધી શકાય તો પણ સંશોધકો માટે ઘણું ઉપકારક કાર્ય થયું ગણાશે.

•

## ગુજરાતી સંતસાહિત્યનો વ્યાપ

સમગ્ર ભારતવર્ષના તમામ પ્રદેશોની પોતપોતાની આગવી ભાષા-સાહિત્યની પરંપરાઓનો સમન્વય આપણા ગુજરાતી સંતસાહિત્યમાં જોવા મળે. એક તરફ એ ઈન્ડોલોજી એટલે કે તમામ ભારતીય વિદ્યાઓ સાથે સંબંધ ધરાવે છે, સાથોસાથ સમાજવિદ્યા, યોગવિદ્યાની તમામ ધારાઓ, ઇતિહાસ, સંસ્કૃતિ, ભાષા/બોલી, લોકસેવા, આત્મસાધના, વેદાન્તી તત્ત્વદર્શન, પંચીકરણ, સ્વરોદયશાસ્ત્ર, લોકજાગૃતિ, કુરિવાજો અને અંધશ્રદ્ધા નિવારણ, સમન્વયવાદી સામાજિક સમરસતા, સાહિત્યનાં વિવિધ સ્વરૂપો-પ્રકારો અને સંગીત– ખાસ કરીને ભક્તિસંગીત તથા પરંપરિત લોકસંગીત સાથે અનુબંધ ધરાવે છે. ભાષાવિજ્ઞાન, હસ્તપ્રતવિદ્યા અને લિપિશાસ્ત્રની દૃષ્ટિએ પણ એનો અભ્યાસ થઈ શકે. સંતસાહિત્યનું ક્ષેત્ર એટલું વ્યાપક છે કે કોઈ પણ દૃષ્ટિકોણથી એને તપાસી-ચકાસી શકાય. જે તે સમયનાં રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વલણોનો અભ્યાસ પણ સંતસાહિત્યના માધ્યમે આપણે કરી શકીએ. માનવ માનવ વચ્ચે સમાનતાના ભાવ રોપવાનું કાર્ય કર્યું છે આપણા લોકસંતો-ભજનિકો તથા સંતકવયિત્રીઓએ. સંતસાહિત્યનું ક્ષેત્ર વાદ કે વિવાદનું ક્ષેત્ર નથી, સંવાદનું ક્ષેત્ર છે. અને દરેક સાધક પોતપોતાની મતિ/શક્તિ અને ગુરુપરંપરા મુજબ સાધનાના ક્ષેત્રમાં પોતાની આગવી કેડી કંડારતો હોય છે. પ્રાચીન ભારતીય શાસ્ત્ર-પુરાણોના વિધિવત્ અભ્યાસ વિના જ કંઠસ્થ પરંપરાથી સચવાયેલા એ દરેક પુરાણોની કથાઓ આપણા લોકસંતો જાણે છે અને પોતાની વાણીમાં એના સંદર્ભો પણ આપતા રહે છે. બહુધા સંતો તો અભણ-નિરક્ષર છતાં બહુશ્રુત હતા. કંઠસ્થ પરંપરાથી વહેતું આવેલું શાસ્ત્ર જ્ઞાન; વારંવારનાં યાત્રા-પર્યટનોથી પુષ્ટ થયેલું અનુભવજગત, વિવિધ ભાષા-ધર્મ-સંપ્રદાયો–પંથ અને પ્રદેશોની સંત પરંપરાઓ-સાધના-સિદ્ધાંતોથી પરિચય અને પોતાનો અધ્યાત્મમાર્ગનો અનુભવ... આ બધું જ એક વિશિષ્ટ રસાયન રૂપે પામીને તેમના દ્વારા કાવ્યસ્વરૂપે પ્રગટ થતું રહ્યું છે.

# ગુજરાતી સંતસાહિત્યનો વૈભવ

વૈભવ એટલે સમૃદ્ધિ, જાહોજલાલી, શક્તિ, ઐશ્વર્ય, ધન દોલત-સંપત્તિ. ગુજરાતી સંતસાહિત્યનો વૈભવ કયો છે? એક તો સાહિત્ય સ્વરૂપો કે પ્રકારોની દૃષ્ટિએ એની વિવિધતા. પ્રાદેશિક તથા જાતિ-જ્ઞાતિગત લાક્ષણિકતાઓનું વૈવિધ્ય, ભાષા કે બોલીનું વૈવિધ્ય, પંથ-સંપ્રદાય મુજબની સાધના-ઉપાસનાનું વૈવિધ્ય અને સંગીતનાં વિધવિધ પરિમાણો મુજબના ઢાળોનું વૈવિધ્ય... એમ અનેક રીતે આ સામગ્રીમાંથી આપણને ગુજરાતી સંતસાહિત્યના વૈભવનું પણ દર્શન થાય છે.

મધ્યકાલીન સાહિત્યમાં અધ્યાત્મધારાની ઉપાસનાની સાથોસાથ સંગીતના બે પ્રવાહો પણ જોવા મળે, એક દેશી અને બીજો માર્ગી. અભિવ્યક્તિની તરાહો મુજબ, કારણ કે આ સંતવાણીના સર્જકો વાગ્ગેયકારો હતા. પોતાની રચનાને શબ્દબદ્ધ કરવાની સાથે જ સ્વરબદ્ધ પણ કરતા હતા. પોતાની આત્મસાધનાની સાથોસાથ સમાજ સાથેનો એમનો અનુબંધ સમાજસેવા અને સમાજશિક્ષણનો પણ રહેતો.

●

હસ્તપ્રતોમાં સચવાયેલા તથા કંઠસ્થ પરંપરાએ જળવાયેલા ગુજરાતી સંતસાહિત્યનો પ્રાથમિક પરિચય થઈ શકે એવી નેમ સાથે અહીં આ સામગ્રીનું એકત્રીકરણ થયું છે. એમાં ક્યાંક વાક્યો, ફકરાઓ કે પંક્તિઓની પુનરાવૃત્તિ પણ થયેલી જોવા મળશે. મારાં અગાઉ પ્રકાશિત થયેલાં વિવિધ પુસ્તકોમાં પણ આમાંની કેટલીક વિગતો સંક્ષિપ્તમાં આલેખાયેલી જોવા મળશે, પરંતુ અહીં અપાયેલી સામગ્રી પરિમાર્જિત થયેલી છે, એટલે આ પુસ્તકમાં અપાયેલી સામગ્રી વધુ ને વધુ પ્રમાણભૂત બની રહે એવી નેમ રાખી છે. લોકવાણીમાં અને ભજનવાણીમાં રચનાના ભાવને દૃઢાવવા માટે ટેક પંક્તિનું આવર્તન અતિ આવશ્યક હોય છે, એ રીતે સંતસાહિત્યના વૈવિધ્ય, ભાવ, ભાષા, અભિવ્યક્તિનો વિભિન્ન દૃષ્ટિકોણથી ટૂંક પરિચય સાંપડી રહે એ માટે કેટલીક પુનરાવૃત્તિ પણ સહેતુક રાખવામાં આવી છે. તેથી આ પહેલાંનાં મારાં વિધાનો કે સાલ સંવતો, સંત-ભક્તોનાં જીવનવિષયક તથ્યો, ભજનવાણીના પાઠ કે અર્થઘટનમાં ફેરફાર જોવા મળે તો આ પુસ્તકની સામગ્રીને અધિકૃત ગણવા વિનંતી છે.

રાજકોટથી પ્રકાશિત થતા જન્મભૂમિ ગ્રૂપના દૈનિકપત્ર ‘ફૂલછાબ’માં દર ગુરુવારે પ્રકાશિત થતી ‘ધર્મભૂમિ’ પૂર્તિમાં ઘણાં વરસોથી ‘ભજન ભેદ હે

ન્યારા' શીર્ષકથી આ લખાણો પ્રકાશિત થતાં રહ્યાં છે. મારાં તમામ લેખો કે પુસ્તકોમાં જે સંતવાણી – ભજનોના પાઠ(ટેક્સ્ટ) અપાય છે તે કોઈ એક જ પુસ્તક કે હસ્તપ્રતમાંથી નહીં પણ અનેક અપ્રકાશિત હસ્તપ્રતો, પ્રકાશિત ભજનસંગ્રહોમાં જળવાયેલા પાઠ ઉપરાંત લોકભજનિકોના કંઠે આજે પણ સચવાઈ રહેલા – કંઠસ્થ પરંપરાથી જીવંત રહેલા, હાલમાં ગવાતાં અને મારા ક્ષેત્રકાર્ય દ્વારા ધ્વનિમુદ્રિત કરેલી એક જ રચનાના અનેકવિધ પાઠાંતરોમાંથી એક આદર્શ પાઠનું નિર્માણ કરવાના હેતુ સાથે – જે વિષય, સંદર્ભ, ગુરુપરંપરા, સાંપ્રદાયિક સાધનાત્મક પારિભાષિક શબ્દાવલિ, રચયિતા સંતકવિની શૈલી, લાક્ષણિકતાઓની ચકાસણી કર્યા પછી જ નિશ્ચિત કરવામાં આવે છે. એટલે મારા દ્વારા અપાયેલા દરેક પાઠ આ રીતે સંશોધિત પાઠ હોય છે, હા, એમાં એક પણ શબ્દ કે વાક્ય મારા તરફથી ઉમેરવામાં આવતું નથી.

પ્રસ્તુત ગ્રંથનો પ્રથમ આલેખ 'સંતસાહિત્યમાં સૌંદર્યબોધ' માનવજીવનમાં અને કલામાં સૌંદર્યનું શું સ્થાન છે તેનો પ્રાથમિક આલેખ આપે છે. બીજો આલેખ ગુજરાતનાં સંતસ્થાનકો વિશે 'જગ્યાઓ જાગે' શીર્ષકથી હાલની પરિસ્થિતિ અને એ સ્થાનો દ્વારા સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રમાં પ્રવર્તતી ઉદાસીનતા દર્શાવે છે. ત્રીજો આલેખ 'ગુરુગમ પ્યાલા પિયા'માં સંતકવિઓ દ્વારા રચાયેલી ભજનવાણીમાં અંતર્યાત્રા અને સાધનાને લીધે પ્રાપ્ત થયેલી ખુમારી-મસ્તી દર્શાવતી રચનાઓ એકત્ર કરી છે. એ જ પ્રમાણે એ પછીનો ચોથો આલેખ મધ્યકાલીન સર્જકો દ્વારા 'રાવણ મંદોદરી સંવાદ'ને કેન્દ્રમાં રાખીને સર્જાયેલી અને ખાસ કરીને લોકકંઠે ગવાતી રચનાઓનું સંકલન આપે છે. જેના દ્વારા એ રચનાઓના ભાવવિશ્વ વિશે આપણને વિગતે પરિચય પ્રાપ્ત થાય છે અને પાંચમો આલેખ 'મૂળ મહેલ મેં વસે ગુણેશા' સંતસાધનામાં ગુણપતિ વંદના ધરાવતી રચનાઓનો સંક્ષિપ્ત પરિચય કરાવે છે. છઠ્ઠા ક્રમથી સુડતાલીસમા ક્રમ સુધી – અખંડાનંદ પરમહંસથી શરૂ કરીને હંસસાહેબ સુધીના વર્ણાનુક્રમે બેતાલીસ સર્જકોની વાણીનો સર્જક પરિચય, ભજનભૂમિકા અને શક્ય હોય તેટલું અર્થઘટન કે સમજૂતી સાથે આસ્વાદ કરાવે છે.

મારાં તમામ પુસ્તકો જેમણે વાંચ્યાં હશે તેમને આમાં સંકલિત સામગ્રીના કેટલાક અંશો ક્યારેક મારાં આ અગાઉ પ્રકાશિત થયેલાં પુસ્તકોમાં જોવા મળ્યા હશે પરંતુ અહીં અપાયેલી સામગ્રી શુદ્ધિ-વૃદ્ધિ સાથેની છે. વળી સમયે સમયે દરેક પુસ્તકના પ્રકાશક અને વાચકો પણ વિવિધ હોવાના, (વળી મારાં કેટલાંક

પુસ્તકો આજે અપ્રાપ્ય છે) એટલે વિવિધ ધર્મ, પંથ, સંપ્રદાય, દર્શન, સાધના પરંપરા, ગુરુપરંપરા, સાધનાત્મક પારિભાષિક શબ્દાવલિ, પ્રદેશ, જ્ઞાતિ કે જાતિ, સમયકાળ, ભાવ, ભાષા, અભિવ્યક્તિ એમ અનેકવિધ દૃષ્ટિકોણથી એનો સર્વાંગી અભ્યાસ કોઈ જિજ્ઞાસુ કરી શકે એની ખેવના રાખીને, પુનરાવર્તનનો દોષ વહોરીને પણ અહીં કેટલીક વિગતો અને સામગ્રીનું ચયન કરવામાં આવ્યું છે.

આપણી પરંપરિત ધર્મ-અધ્યાત્મસાધના પરંપરાની કેડીએ આજે પણ ચાલનારા સાધકો ઉપરાંત લોકસંગીત–ભક્તિસંગીત જેમના કંઠે આજે પણ જીવંત સરવાણી રૂપે વહી રહ્યું છે એવા સેંકડો સાચા ભજનિકો – માહિતીદાતાઓ અને તમામ લોકવિદ્યા ક્ષેત્રના મરમી વિદ્વાનો પ્રત્યે આભાર વ્યક્ત કરીને, ગુજરાતી સંતસાહિત્ય તથા લોકસાહિત્યને વિશ્વસાહિત્યના દરજ્જા સુધી પહોંચાડવા માટે સક્ષમ એવા સંશોધકોને આ ક્ષેત્રમાં વધુ ને વધુ ઊંડા ઊતરીને પૂર્ણ પ્રમાણભૂત સંશોધનકાર્ય કરવાની પ્રેરણા અને શક્તિ પરમાત્મા આપે એવી પ્રાર્થના સાથે આ નાનકડો ગ્રંથ અર્પણ કરું છું.

માનું છું કે સંતસાહિત્યમાં રુચિ ધરાવતા અભ્યાસી સંશોધકોને આમાંની સામગ્રી કોઈ ને કોઈ રીતે ઉપયોગી થશે. અંતે આ પુસ્તકના પ્રકાશક ઝેન ઓપસનો ખરા અંતરથી આભાર માની ધન્યવાદ પાઠવું છું.

(વિ.સં.૨૦૮૧ વૈશાખ શુક્લ પૂર્ણિમા, બુદ્ધ પૂર્ણિમા, તા. ૧૨-૦૫-૨૦૨૫, સોમવાર.)


**– ડૉ. નિરંજન રાજ્યગુરુ**

*(શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર, બ્રહ્મર્ષિ, ગોપાલભૂષણ, સારસ્વત સાહિત્યરત્ન)*

*આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર, ગૌસેવા – ગોસંવર્ધન ગૌશાળા, મુ.પો. ઘોઘાવદર,*

*તા.ગોંડલ, જિ.રાજકોટ ૩૬૦ ૩૧૧ Mo. 098243 71904*

# અનુક્રમણિકા


1. સંતસાહિત્યમાં સૌંદર્યબોધ ........ 1
2. જગ્યાઓ જાગે ........ 4
3. ગુરુગમ પ્યાલા પિયા... ........ 7
4. 'રાવણ-મંદોદરી સંવાદ'-કંઠસ્થ પરંપરાનાં ભજનોની સમૃદ્ધ પરંપરા.... 12
5. મૂળ મહેલ મેં વસે ગુણેશા... ........ 20
6. અખંડાનંદ પરમહંસજીની વાણી ........ 27
7. અમરદાસજી હરિયાણીની વાણી ........ 33
8. આનંદી મહારાજની વાણી (નિરાંત સંપ્રદાયના) ........ 37
9. ઈશ્વરરામજીની વાણી (કચ્છ વાંઢાયના સંતકવિ) ........ 39
10. કનડપુરીની વાણી ........ 43
11. કબીર સાહેબની વાણી (એ પદ વીરલા બૂઝૈ...) ........ 44
12. કહળસંગ ભગતની વાણી (સાધનાની ચોથી ભૂમિકા) ........ 50
13. કાનપુરીની વાણી ........ 54
14. કાળુરામ મહારાજની વાણી
(નિરાંત સંપ્રદાયના અન્ય સંતોની વાણી સાથે) ........ 57
15. કેવળપુરી મહારાજની વાણી ........ 62
16. કેશવ હરિરામ ભટ્ટ (કેશવ હરિ)ની વાણી ........ 69
17. ગંગાસતીની વાણી (અગમ અગોચર રસનાં પૂર્ણ અધિકારી) ........ 74
18. ગુમાનભગત દેથાણવાળાની વાણી ........ 80
19. ગોદડદાસની વાણી (ભરમે મત ભૂલો ગેમારા...) ........ 83
20. ગૌરીશંકરની વાણી ........ 85
21. છોટમની વાણી (કિંચિત્ કુસંગે રે, બોધ બગડે ઘણો રે...) ........ 86
22. જીવણરામ મહારાજની વાણી ........ 89
23. ઝબુબાઈની વાણી (સવારામ બાપાનાં શિષ્યા) ........ 91

24. દયારામનું પદ ........................................................94
25. દાસી જીવણની વાણી (ભજન વિણ ખાશો જમના સોટા)...........97
26. દેવરામ વિપ્રની વાણી....................................................102
27. ધરમશીભગત -ધરમલાલબાપા – જોડિયા..............................106
28. ધારશી ભગતની વાણી – ચોટીલાના વણિક સંત......................111
29. નથુરામ વિપ્રની વાણી ..................................................115
30. નરસિંહ મહેતાની અત્યંત લોકપ્રિય રચનાઓ..............................121
31. નાનકસાહેબની વાણી.................................................... 132
32. નિર્મળદાસજીની વાણી..................................................136
33. પીપાજીની વાણી .........................................................139
34. પ્રેમદાસની વાણી (આવો સંતો! સાચું વોરીએ...) .................. 142
35. ભવાનીદાસની વાણી (જંતરીનો બજાવનારો કોણ છે?)........... 144
36. ભીમસાહેબની વાણી
(રવિભાણ સંપ્રદાયના સંતકવિ જેરામ શિષ્ય) ...................... 147
37. મોરારસાહેબની વાણી .................................................. 149
38. રણછોડ ભગતનાં પ્રેમલક્ષણા ભક્તિનાં ધોળ............................ 152
39. રવિસાહેબની બ્રહ્માનુભૂતિ દરશન બહાર મેં તો દેખ્યા... ............... 156
40. લક્ષ્મીરામબાપુની વાણી.................................................. 159
41. લોયણની વાણી (બ્રહ્મમાં ભળવું રે હોય તો હેત વધારો...)........161
42. શાંતિલાલ ગોપાલજી પારેખ 'શાંતિ દુર્લભ'ની વાણી .....................163
43. સરજ્યુગિરિજીની વાણી (સ્વામી મોહનગિરિજીના શિષ્ય) .......... 166
44. સવારામ બાપાની અધ્યાત્મ અનુભૂતિ–
ગગન ગઢ રમવાને આવો.....................................................171
45. સોમભારથીબાપુ અને ગોમતીબાઈની વાણી............................ 177
46. હરિસાહેબની વાણી.......................................................181
47. હંસસાહેબઃ હંસનિર્વાણ પંથના સ્થાપક
(સિંધના ભાણસાહેબના શિષ્ય) .......................................185